RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 259* Date: 16.07.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### વડાપ્રધાને ગંગામાં રો-રો સર્વિસ અને રુદ્રાક્ષ કન્વેશન સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું

# વડાપ્રધાન મોદીની વારાણસીને ૧૫૦૦ કરોડની ભેટ

### ઉત્તર પ્રદેશે કોરોના ફેલાતો રોકવા અભૂતપૂર્વ કામ કર્યું, જે બીમારીઓના ઇલાજ માટે દિલ્હી-મુંબઇ જવું પડતું હતું તેની સારવાર હવે કાશીમાં ઉપલબ્ધ

*લખનઉ,તા.૧૫*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીનો પ્રવાસ કર્યો હતો. જ્યાં વડાપ્રધાને ૧૫૦૦ કરોડની યોજનાઓ લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યા હતા. તે બાદ વડાપ્રધાને સ્થાનિક લોકોને સંબોધિત કર્યા હતા.

વડાપ્રધાન મોદીએ રુદ્રાક્ષ કન્વેશન સેન્ટરનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે કહ્યું કે કાશી તો સાક્ષાત શિવ છે. હવે છેલ્લા ૭ વર્ષમાં ઘણા વિકાસના પ્રોજેક્ટ્સ દ્વારા કાશીનો શ્રુંગાર થઈ રહ્યો છે, તો રુદ્રાક્ષ વિના આ શ્રુંગાર કેવી રીતે પૂર્ણ થઈ શકે?

હવે કાશીએ આ રુદ્રાક્ષ ધારણ કરી લીધો છે, તો કાશીનો વિકાસ વધુ ચમકશે અને કાશીની સુંદરતામાં વધુ વધારો થશે. મને પૂરો વિશ્વાસ છે કે મહાદેવના આશીર્વાદથી આવતા દિવસોમાં આ સેન્ટર કાશીને નવી ઓળખ આપશે અને કાશીના વિકાસને નવી ગતિ આપશે.

રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટરના નિર્માણમાં મદદ કરનાર જાપાનના વખાણ કરતાં મોદીએ કહ્યું કે આજના કાર્યક્રમમાં વધુ એક નામ લેવાનું હું નહીં ભૂલી શકું. જાપાનથી જ મારા મિત્ર શિંઝો આબે જી. રુદ્રાક્ષના વિચાર ઉપર મેં તેની સાથે લાંબી ચર્ચા કરી. તેમણે તરત જ તેના અધિકારીઓને આ વિચાર પર કામ કરવા જણાવ્યું. તેમની સંસ્કૃતિ છે પરફેકશન અને આયોજન. આની સાથે જ તેના પર કામ શરૂ થયું અને આજે આ ભવ્ય ઈમારત કાશીની સુંદરતા વધારી રહી છે. આ પહેલા કાશીના BHUમાં વડાપ્રધાને ૧૫૦૦ કરોડની વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું. તેમણે પોતાના ભાષણમાં ઉત્તર પ્રદેશ સરકારની ખૂબ જ પ્રશંસા કરી હતી. તેમણે વિપક્ષ પર પણ નિશાન સાધ્યું હતું.

મોદીએ ભારત માતની જય અને હરહર મહાદેવ બોલ્યા પછી પોતાની વાત શરૂ કરી. તેમણે કાશીના લોકો સાથે મૈથિલીમાં વાત કરતા કહ્યુ કે લાંબા સમય પછી આપ બધાની સાથે સીધી મુલાકાતની તક મળી. કાશના તમામ લોકોને પ્રણામ. સમસ્ત લોકોના દુઃખ હરનાર ભોલેનાથ, માતા અન્નપૂર્ણાને પ્રણામ. વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમા ૬ વખત સીએમ યોગી આદિત્યનાથના કામકાજના વખાણ કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે ૨૦૧૭ પહેલા પણ દિલ્હીથી યુપી માટે પૈસા મોકલવામાં આવતા હતા પરંતુ ત્યારે લખનઉંમાં અટકી જતા હતા. આજે યોગી મહેનત કરી રહ્યા છે, ખુદ સીએમ યોગી અહી પર આવીને વિકાસ કામોને જુવે છે. સીએમ યોગી દરેક જિલ્લામાં જાય છે અને અલગ અલગ કામ પર નજર રાખે છે, આ કારણે યુપીમાં બદલાવ થઇ રહ્યો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યુ કે માફિયા રાજ અને આતંકવાદ જે બેકાબુ થઇ રહ્યા હતા, હવે તેમની પર કાયદાનો શકંજો છે. યુપીમાં હવે કાયદાનું રાજ છે. આજે ગુનેગારોને ખબર છે કે તે કાયદાથી બચી નહી શકે. યુપીની સરકાર આજે ભ્રષ્ટાચાર અને ભાઇ-ભતીજાવાદથી મુક્ત છે, યુપીની સરકાર વિકાસવાદથી ચાલી રહી છે. યુપીમાં જનતાની યોજનાઓનો લાભ સીધો જનતાને મળી રહ્યો છે.

પોતાના સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોનાની બીજી લહેર દરમિયાન ઉત્તર પ્રદેશના મેનેજમેન્ટની પ્રશંસા કરી છે. પીએમ મોદીએ કહ્યુ કે યુપીની જનસંખ્યા કેટલાક દેશથી પણ વધુ છે, છતા પણ અહીની સરકાર,



લોકોએ કોરોનાની બીજી લહેરને સંભાળી લીધી છે.

મોદીએ તેમના ભાષણમાં ખેડૂતોનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું અમારી ખેતી સાથે જોડાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કૃષિ આધારિત કારોબારથી જ ભારત આત્મનિર્ભર બનશે. તાજેતરમાં જ સરકારે તેના માટે મોટો નિર્ણય લીધો છે. દેશમાં આધુનિક કૃષિ માટે એક લાખ કરોડના વિશેષ ફન્ડનો લાભ મંડિયોને પણ મળશે. તેનાથી મંડી આધુનિક બનશે.

સરકારી ખરીદી સાથે જોડાયેલી સિસ્ટમને સરળ બનાવી તે અમારી પ્રાથમિકતા છે. ઘઉંની રેકોર્ડ સરકારી ખરીદી તેનો પુરાવો છે. આપણા લંગડા અને દશહરીએ આપણી ઓળખ બનાવી છે. તેનાથી નાના ખેડૂતોને સૌથી વધુ લાભ થશે.

### ૨૪ કલાકમાં ૪૧,૮૦૬ લોકો સંક્રમિત થયા, ૫૮૧ દર્દીનાં મોત

## ચિંતા વધી, દેશમાં સતત ત્રીજા દિવસે કોરોનાના કેસમાં વધારો

ન્યુ દિલ્હી,તા.૧૫

ભારતમાં કોરોનાના વાયરસના કેસમાં ફરી એકવાર વધારો નોંધાયો છે. કોરોનાના નવા કેસમાં વધારો ચિંતા વધી રહી છે. ગઈકાલની સરખાણમાં આજે ૨૦૦૦ કેસ વધ્યા છે અને નવા કેસનો આંકડો ૪૦,૦૦૦ને પાર થયો છે. જેની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા ઘટી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં કોરોનાના નવા ૪૧,૮૦૬ કેસ નોંધાયા છે, જયારે ૫૮૧ દર્દીઓના મોત થયા છે.

દેશમાં કોરોનાના નવા કેસની સામે સાજા થનારા દર્દીઓનો આંકડો ઊંચો રહેતો હતો પરંતુ આજે તે નવા કેસની સામે નીચો નોંધાયો છે. પાછલા ૨૪ કલાકમાં વધુ ૩૯,૧૩૦ દર્દીઓ સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૩,૦૧,૪૩,૮૫૦ થઈ ગઈ છે.

ભારતમાં કોરોનાના કુલ સંક્રમિત કેસની સંખ્યા વધીને ૩,૦૯,૮૭,૮૮૦ થઈ ગઈ છે. ૫૮૧ મૃત્યુ સાથે કુલ મૃત્યુઆંક ૪,૧૧,૯૮૯ પર પહોંચ્યો છે. હાલ દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૪,૩૨,૦૪૧ છે. જે ગઈકાલે ૪,૨૯,૯૪૬ હતી.

દેશમાં કોરોનાની રસીના ૨૪ કલાકમાં વધુ ૩૪,૯૭,૦૫૮ ડોઝ આપવામાં આવ્યા છે જેની સાથે કુલ ડોઝની સંખ્યા વધીને ૩૯,૧૩,૪૦,૪૯૧ થઈ ગઈ છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૧૪ જુલાઈ સુધીમાં કુલ ૪૩,૮૦,૧૧,૯૫૮ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે વધુ ૧૯,૪૩,૪૮૮ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

બુધવારે કુલ ૧૯,૪૩,૪૮૮ કોરોના ટેસ્ટ હાથ ધરાયા હતા અને અત્યાર સુધીમાં ૪૩,૮૦,૧૧,૯૫૮ કોરોના સેમ્પલનું પરિક્ષમ કરવામાં આવ્યુ છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૧૫ ટકા નોંધાયો છે જ્યારે સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ૨.૨૧ ટકા રહ્યો હોવાનું મંત્રાલયે જણાવ્યું છે. કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓનો આંક વધીને ૩,૦૧,૪૩,૮૫૦ થયો છે. દેશમાં કોરોનાથી મૃત્યુનો દર ૧.૩૯ ટકા છે. અત્યાર સુધીમાં કોરોના વેક્સિનના ૩૯.૧૩ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

### દુનિયા કોરોનાની ત્રીજી લહેરના શરૂઆતના તબક્કામાં: WHO

જિનિવા,તા.૧૫

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ અધનોમે ચેતવણી આપી છે કે દુનિયા કોરોના વાયરસની ત્રીજી લહેરની શરૂઆતના તબક્કામાં પહોંચી ગયું છે. દુનિયાભરમાં ડેલ્ટા વેરિએન્ટના કહેરની વચ્ચે વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમુખે આ તાજી ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે દુર્ભાગ્યવશ આપણે કોરોનાની ત્રીજી લહેરના શરૂઆતના તબક્કામાં પહોંચી ગયા છીએ. તેમણે કહ્યું કે ડેલ્ટા વેરિઅન્ટ હવે દુનિયાના ૧૧૧થી વધુ દેશોમાં પહોંચી ગયો છે.ટેડ્રોસે કહ્યું કે ડેલ્ટા વેરિઅન્ટ અંગે અમે અપેક્ષા કરી રહ્યા છે કે જો અત્યારે નથી તો આ ટૂંક સમયમાં જ આખી દુનિયા સૌથી પ્રભાવિત વેરિઅન્ટ બની જશે. તેમણે કહ્યું કે કોરોના વાયરસ સતત ડેવલપ થઇ રહ્યો છે અને પોતાનું સ્વરૂપ બદલી રહ્યું છે. તેના લીધે વધુ સંક્રમણ ફેલાવનાર વેરિઅન્ટ દુનિયામાં આવી રહ્યા છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૩૬
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૮૨૪૩૮૩
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૦
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૯૦
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૮૧૩૬૭૩

### જમ્મુ એરફોર્સ સ્ટેશન પાસે ફરી મોડી રાત્રે જોવા મળ્યો ડ્રોન, સુરક્ષા દળ સતર્ક

અરનીયા,તા.૧૫

ફરી એક વાર એરફોર્સ સ્ટેશન નજીક ડ્રોન જોવા મળ્યો છે આ ઘટના બુધવારે રાત્રે બની હતી, જ્યાં કોઈ અજાણ્યા ડ્રોનને જોવામાં આવ્યું હતું, બીએસએફએ બુધવારે આ મામલે નિવેદન બહાર પાડ્યું હતું કે, ૧૩ અને ૧૪ જુલાઇની રાત્રે, અરનીયા સેક્ટરમાં બીએસએફ જવાનોએ ૯:૫૨ વાગે ૨૦૦ મીટરના અંતરે એક ઝબકતી રેડ લાઈટ જોતી હતી. ડ્રોનને જોતાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) એ પાંચથી છ રાઉન્ડ ફાયરિંગ કર્યું, ત્યારબાદ તે પાકિસ્તાન બોર્ડર પર પરત ગયો હતો.

જમ્મુ એરફોર્સ સ્ટેશન પર ડ્રોન એટેક થયા પછી છેલ્લા કેટલાક દિવસોમાં જમ્મુમાં ઘણા ડ્રોન જોવા મળ્યા છે. ગયા મહિને જૂન મહિનામાં જમ્મુ એરફોર્સ સ્ટેશન પર બે વિસ્ફોટો પછી ડ્રોન જમ્મુ ઉપર ફરતો જોવા મળ્યો હતો તે સાતમી વખત છે. પાકિસ્તાનની સરહદથી લગભગ ૧૪ કિમી દૂર સ્થિત ઉચ્ચ સુરક્ષાવાળા જમ્મુ એરફોર્સ સ્ટેશન પર થયેલા વિસ્ફોટોમાં વાયુસેનાના બે જવાન ઘાયલ થયા છે.

### ગુરૂવારે પેટ્રોલમાં ૩૫ અને ડિઝલમાં ૧૬ પૈસાનો વધારો

## રેકોર્ડબ્રેક મોદીજી: મુંબઈમાં પેટ્રોલ રૂ. ૧૦૭ , અમદાવાદમાં ૧૦૦ની નજીક

*ન્યુ દિલ્હી,તા.૧૫*

પેટ્રોલ-ડિઝલના સતત વધતા ભાવ હવે સદીની નજીક આવી ગયા છે. આજે ફરી પેટ્રોલ અને ડિઝલના ભાવમાં વધારો થયો છે. પેટ્રોલમાં પ્રતિ લિટર ૩૫ પૈસાનો અને ડીઝલમાં ૧૫ પૈસાનો વધારો થયો છે. એક તરફ કોરોનો ડર છે તો બીજી તરફ મોંઘવારી પણ લોકોને ડરાવી રહી છે. દેશના ઘણાં ભાગોમાં પેટ્રોલના ભાવ પ્રતિ લીટર ૧૦૦ને પાર નીકળી ગયા છે ત્યારે અમદાવાદમાં આંકડો ૧૦૦ની એકદમ નજીક પહોંચી ગયો છે. જયારે મુંબઈમાં પેટ્રોલના ભાવ ૧૦૦ રૂપિયાને પાર કર્યા પછી ૧૦૭ રૂપિયાને પણ પાર પહોંચી ગયા છે. સતત પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થઈ રહેલા વધારાની અસર ઘર ચલાવવાના બજેટ પર પડી રહી છે.



અમદાવાદમાં પેટ્રોલનો ભાવ પ્રતિ લીટર ૯૮.૩ રૂપિયા પર પહોંચી ગયું છે એટલે કે હવે આંકડો ૧૦૦ પર પહોંચવામાં ૨ રૂપિયા કરતા પણ ઓછું અંતર છે. જયારે ડીઝલના ભાવ ૯૬.૭૬ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયા છે. પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૧૫ એપ્રિલ ૨૦૨૧થી સતત વધારો નોંધાઈ રહ્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ત્રણ મહિના દરમિયાન નોંધાયેલો ભાવ વધારો લગભગ એક સરખો જ છે. અમદાવાદમાં ૧૫ એપ્રિલથી આજની તારીખ સુધીમાં એટલે કે ત્રણ મહિનામાં પેટ્રોલના પ્રતિ લીટરના ભાવમાં ૧૨% વધારો નોંધાયો છે. જ્યારે ડીઝલમાં આ વધારો ૧૧.૩% રહ્યો છે.

મુંબઈની વાત કરીએ તો અહીં પણ સતત પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ધરખમ વધારો નોંધાઈ રહ્યો છે, જેમાં હાલ મુંબઈમાં પેટ્રોલના પ્રતિ લીટર ભાવ ૧૦૭.૫૪ રૂપિયા થઈ ગયો છે, આજે નોંધાયેલા વધારા સાથે જૂનો રેકોર્ડ તૂટી ગયો છે. શહેરમાં ડીઝલના પ્રતિ લીટરનો ભાવ ૯૭.૪૫ રૂપિયા સાથે ૧૦૦ની નજીક પહોંચી ગયો છે.

આ તરફ ભોપાલમાં પેટ્રોલના ભાવ પ્રતિ લીટર ૧૦૯.૮૯ રૂપિયા અને ડીઝલ ૯૮.૬૭% થઈ ગયો છે. પશ્ચિમ બંગાળના કોલકાતામાં પેટ્રોલની કિંમત પ્રતિ લીટર ૧૦૧.૭૪% થઈ ગઈ છે જયારે ડીઝલની કિંમત પ્રતિ લીટર ૯૩.૦૨ પર પહોંચી ગઈ છે.

આ બધાની વચ્ચે ૭ જુલાઈથી ભાવ વધારા સામે ૧૦ દિવસ માટે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શનના કાર્યક્રમનું આયોજન કર્યું છે. જેમાં કેટલીક અન્ય રાજકીય પાર્ટીઓ પણ જોડાઈ છે અને પેટ્રોલ-ડીઝલમાં દેશમાં ભડકે બળતા ભાવ સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.




## તંત્રી સ્થાનેથી...

### ત્રીજી લહેરની સંભાવના વચ્ચે સ્વાસ્થ્ય સેવાઓના આયોજનની તૈયારી કેટલી....?

*દેશમાં ૨૦૨૦ માં ત્રાટકેલા કોરોના વાયરસને કારણે દેશભરમાં વિશ્વના અન્ય દેશો કરતા ઓછું નુકસાન થયુ હતુ અને તેનું મુખ્ય કારણ રહ્યું "લોકડાઉન"....સરકારે વિશ્વના અન્ય દેશોમાં કોરોના વાયરસે જે પ્રકારે માનવજીવો સહિતનાઓને વિવિધ નુકસાન કર્યું હતું તેનો સતત અભ્યાસ કરતી રહી હતી. અને તેને કારણે લોકડાઉન લંબાવ્યું હતું. તે સાથે સામાન્ય, ગરીબ વર્ગને મફત અનાજ સહાય પણ કરી હતી. તો દેશમાં અનેક ભામાશાઓ આને નાની- મોટી સંસ્થાઓ, નાગરિક સંગઠનોએ જરૂરતમંદ આમ લોકોને જીવન જરૂરી સહાય કરવા સાથે તમામ પ્રકારે મદદ કરી હતી.જેના કારણે કોરોનાની પ્રથમ લહેરમાં સૌથી સલામત ભારત દેશ રહ્યો હતો. પરંતુ કોરોનાની બીજી લહેર ત્રાટકી ત્યારે હકીકતો બહાર આવી કે સરકારે ૨૦૨૦ માં ત્રાટકેલા કોરોના વાયરસમાંથી કોઈપણ જરૂરી શીખ લીધી ન હતી... અને તે કારણે ૨૦૨૧માં સ્વાસ્થ્ય સેવાઓની ઊણપો બહાર આવી ગઈ હતી. વડાપ્રધાનશ્રી અને આરોગ્ય તંત્ર આમ પ્રજાને કોરોના સામે સતર્ક રહેવા માસ્ક,ડિસ્ટન્સ, હાથ ધોવા સહિતની સલાહો કે ચેતવણી આપતા હતા પરંતુ સરકારી તેમજ અર્ધ સરકારી હોસ્પિટલોની અછત દેખાઈ આવતી હતી કારણ હોસ્પિટલો કોરોના દર્દીઓથી હાઉસ ફુલ થઈ જવાને કારણે હોસ્પિટલોની બહાર કોરોના દર્દીઓને લઈને આવેલ એમ્બ્યુલન્સો તેમજ વાહનોની લાઈનો દેખાતી રહી હતી, તો ઓક્સિજનની કમી પણ સ્પષ્ટપણે બહાર આવી ગઈ તે સાથે ઇન્જેક્શનોની કમી પણ બહાર આવી ગઈ હતી. ટૂંકમાં ૨૦૨૦માં ત્રાટકેલા કોરોના કાળમાંથી સરકારે કે તંત્રએ કોઈ શીખ લીધી ન હતી.....! ખરેખર તો સુવિધાઓ સાથેની નવી સરકારી હોસ્પિટલ ઉભી કરવી જરૂરી હતી, ઓક્સિજનની કમી ન પડે કે દવાઓ- ઇન્જેક્શનો કમી ઉભીન થાય તેવી વ્યવસ્થા સાથે આયોજન કરવાની જરૂર હતી, તેમજ ગ્રામ્ય સ્તરે સ્વાસ્થ્ય સુવિધાઓની ઉણપ ના કારણે અનેક કોવિડ દર્દીઓને શહેરો તરફ દોડવુ પડ્યું હતું અનેકોના રસ્તામાં મોત થયા હતા જેથી ગ્રામ્ય સ્વાસ્થ્ય સેવાઓ મજબૂત કરવી જરૂરી હતી.....!*

*વિશ્વમા હવે ત્રીજી કોરોના લહેર ત્રાટકવાની સાથે ભારતમાં હાહાકાર મચાવશે તેવી આગાહીઓ થઇ રહી છે. તેમજ કોરોના ની ત્રીજી લહેર ત્રાટકવાની બાબતે ઉૐ સહિત વિશ્વના વિજ્ઞાનીઓ તેમજ હેલ્થ નિષ્ણાતો સાથે ભારતના નિષ્ણાતો પણ ચેતવણી આપતા રહ્યા છે. તો સરકારે પણ કોરોના ગયો નથી,જેથી આમ પ્રજાને ચેતવણી આપતી રહે છે તેમજ દરેકને સતર્ક રહેવા કહે છે.રાજ્ય સરકારોએ ઓક્સિજન મળી રહે તે માટે આયોજન કરી દીધું છે પરંતુ નવી સરકારી કે અર્ધ સરકારી હોસ્પિટલો કે આધુનિક સુવિધા જનક સ્વાસ્થ્ય કેન્દ્રો નિર્માણ કર્યા હોવાનું બહાર આવ્યું નથી.....! સરકારે વેક્સિન અભિયાન શરૂ કર્યું પરંતુ તેમાં ઉણપો બહાર આવી,રસી સેન્ટ્રો પર રસી સ્ટોકની અછત સર્જાઈ....ત્યારે આમ લોકોનો સવાલ એ છે કે શું સરકારે કે આરોગ્ય તંત્રએ ગ્રામ્ય મથકો થી લઈને નાના-મોટા શહેરી વિસ્તારોમાં નવી આધુનિક સુવિધા સાથે સરકારી તેમજ અર્ધ સરકારી હોસ્પિટલો ઊભી કરી છે ખરી.....? કારણ ખાનગી હોસ્પિટલો પૈકી અનેક હોસ્પિ.એ ભાજપ સરકારની સર્વોત્તમ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત કોરોના દર્દીઓને પ્રવેશ આપવા ઇનકાર કર્યો હતો તો કોઈ ખાનગી હોસ્પિટલોએ કેટલાક દર્દીઓ પાસેથી પૈસાની પણ વસુલાત કરેલ.....! આ યોજનાનું પાલન ફરજિયાત હતું પરંતુ કેટલીક હોસ્પિટલો કોઈ પણ બહાને કોરોના દર્દીને દાખલ કરતી ન હતી.... ટૂંકમાં સરકારના હુકમોનો અનાદર કરેલ અને કેટલાક કોરોના દર્દી મોતને ભેટ્યા છતાં સરકારે આવી ખાનગી હોસ્પિટલો સામે કોઈ પગલાં નથી લીધા. આ બધું છતા તંત્ર તથા સરકારોએ સલાહો આપવાના બદલે ગ્રામ્ય સ્તરથી લઈને નાના-મોટા શહેરોમાં સ્વાસ્થ્ય સેવાઓનુ માળખું ઊભું કર્યું હશે તે સાથે લોક શિક્ષણ આપેલ હશે તો કોરોનાની ત્રીજી લહેરનો સામનો આસાનીથી થઇ શકશે.....!*


પ્રતિ શ્રી,
પી એસ આઇ સાહેબ શ્રી, પી આઇ સાહેબ શ્રી
ડી વાઇ એસપી સાહેબ શ્રી , એસ પી સાહેબ શ્રી
સેક્ટર ૭ પોલીસ સ્ટેશન

**આજરોજ અમો શ્રી હિંદુ યુવા અધિકાર સંગઠન ના પ્રમુખ હિંદુ રાજેશ કુમાર જ્યંતિલાલ પટેલે જુનાગઢ ના રહેવાસી કમલેશ જાદવ કે જેને થોડાક સમય અગાઉ માતા દુર્ગા વિષે અઘટિત ભાષામાં ઉદ્દેશીને કરેલ વાતથી મારી ધાર્મિક લાગણી દુભાયેલ હોવાથી મેં આજરોજ ગાંધીનગર સેક્ટર- ૭ પોલિસ સ્ટેશન માં ફરિયાદ આપેલ છે.**

### એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: ક્રૂડ તેલમાં નરમાઈ

# કપાસ,કોટન, સીપીઓ, રબરના વાયદાના ભાવમાં સાર્વત્રિક વૃદ્ધિ: મેન્થા તેલમાં ઘટાડો: બુલડેક્સ ફ્યુચર્સમાં ૬૮ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૦૪ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૩,૪૮૦ સોદાઓમાં કુલ રૂ.૧૨,૦૪૦.૪૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧ જેટલો મામૂલી ઢીલો હતો, જ્યારે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૫૩ વધ્યો હતો. એલ્યુમિનિયમ સિવાયની તમામ બિનલોહ ધાતુઓ વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને નરમ ટ્રેડ થઈ રહ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ અને રબરના વાયદાના ભાવમાં સાર્વત્રિક વૃદ્ધિ થઈ હતી, જ્યારે મેન્થા તેલમાં ઘટાડો વાયદાના ભાવમાં થયો હતો. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના જુલાઈ વાયદામાં ૬૮ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના જુલાઈ વાયદામાં ૧૦૪ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૬૩,૧૩૨ સોદાઓમાં કુલ રૂ.૪,૧૫૯.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૮,૨૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૫૦૧ અને નીચામાં રૂ.૪૮,૨૩૬ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧ ઘટી રૂ.૪૮,૨૯૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૯ વધી રૂ.૩૮,૬૩૫ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬ વધી રૂ.૪,૭૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૯,૫૦૦ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૮૮૯ અને નીચામાં રૂ.૬૯,૪૦૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૩ વધી રૂ.૬૯,૪૬૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૩૪,૪૭૧ સોદાઓમાં કુલ રૂ.૨,૭૩૧.૩૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૪૧૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૪૧૫ અને નીચામાં રૂ.૫,૩૩૮ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૦૨ ઘટી રૂ.૫,૩૪૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૦.૬૦ ઘટી રૂ.૨૭૨.૧૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨,૮૨૩ સોદાઓમાં રૂ.૩૮૦.૫૦ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૩૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૩૪૦.૫૦ અને નીચામાં રૂ.૧૩૨૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧ વધી રૂ.૧,૩૩૪.૫૦ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર જુલાઈ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૭૮૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬,૮૫૦ અને નીચામાં રૂ.૧૬,૭૫૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૭ વધી રૂ.૧૬,૮૪૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૦૭૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૦૮૧.૨૦ અને નીચામાં રૂ.૧૦૭૦.૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯.૬૦ વધી રૂ.૧૦૭૮ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૪.૩૦ ઘટી રૂ.૯૫૭ અને કોટન જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૧૧૦ વધી રૂ.૨૫,૬૧૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૯૮૫ સોદાઓમાં રૂ.૨,૫૩૭.૪૯ કરોડનાં ૫,૨૪૨.૪૪૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૨,૧૪૭ સોદાઓમાં કુલ રૂ.૧,૬૨૧.૯૬ કરોડનાં ૨૩૨.૫૮૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪,૯૯૧ સોદાઓમાં રૂ.૧,૫૬૮.૪૭ કરોડનાં ૨૯,૧૯,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૯,૪૮૦ સોદાઓમાં રૂ.૧,૧૬૨.૮૫ કરોડનાં ૪,૨૫,૭૮,૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૨૮ સોદાઓમાં રૂ.૦.૭૫ કરોડનાં ૧૧૨ ટન અને કોટનના વાયદાઓમાં ૬૧૮ સોદાઓમાં રૂ.૫૮.૪૬ કરોડનાં ૨૨૭૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૯૦ સોદાઓમાં રૂ.૧૧.૨૨ કરોડનાં ૧૧૫.૯૨ ટન, રબરના વાયદાઓમાં ૪૫ સોદાઓમાં રૂ.૦.૮૨ કરોડનાં ૪૯ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૮૪૨ સોદાઓમાં રૂ.૩૦૯.૨૫ કરોડનાં ૨૮,૮૩૦ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૨૦૯.૭૩૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૪૫૩.૦૬૨ ટન, ક્રૂડ તેલમાં ૬,૫૪,૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૨,૫૭,૧૦,૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૧૨ ટન, કોટનમાં ૧૭૭૫૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૨૪.૪૪ ટન, રબરમાં ૧૦૦ ટન, સીપીઓમાં ૯૦,૪૬૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૬૧૭ સોદાઓમાં રૂ.૧૨૯.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૮૩૦ સોદાઓમાં રૂ.૬૬.૫૯ કરોડનાં ૮૯૬ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૭૮૭ સોદાઓમાં રૂ.૬૩.૩૯ કરોડનાં ૮૨૯ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૧૫૮ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૮૩૪ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૮૪૩ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૮૯૯ અને નીચામાં ૧૪,૮૩૧ના સ્તરને સ્પર્શી, ૬૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨ પોઈન્ટ વધી ૧૪,૮૪૩ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ જુલાઈ વાયદો ૧૫,૨૫૫ના સ્તરે ખૂલી, ૧૦૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૯ પોઈન્ટ વધી ૧૫,૨૭૪ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૧૬,૪૩૪ સોદાઓમાં રૂ.૧,૯૨૦.૨૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૯૨.૨૭ કરોડ, ચાંદીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬.૫૯ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૫૧૧.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું જુલાઈ રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૭ અને નીચામાં રૂ.૧૫૧ રહી, અંતે રૂ.૧ ઘટી રૂ.૧૬૪.૫૦ થયો હતો. જ્યારે ચાંદી ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૧,૮૦૦ અને નીચામાં રૂ.૧,૬૩૨ રહી, અંતે રૂ.૧૧૩.૫૦ વધી રૂ.૧,૬૮૮.૫૦ થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫,૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૦ અને નીચામાં રૂ.૧૬.૫૦ રહી, અંતે રૂ.૬૬.૩૦ ઘટી રૂ.૨૦.૫૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું જુલાઈ રૂ.૪૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૮૩ અને નીચામાં રૂ.૧૯૬ રહી, અંતે રૂ.૮.૫૦ વધી રૂ.૨૫૬.૫૦ થયો હતો. જ્યારે ચાંદી ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૯૯૯ ખૂલી, ઊપરમાં રૂ.૨,૧૬૯.૫૦ અને નીચામાં રૂ.૧,૯૫૦ રહી, અંતે રૂ.૩૮ ઘટી રૂ.૨,૦૯૫.૫૦ થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫,૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૪૪ ખૂલી, ઊપરમાં રૂ.૭૫ અને નીચામાં રૂ.૧૬ રહી, અંતે રૂ.૨૯.૫૦ વધી રૂ.૬૬ થયો હતો.

### ગાંધીનગરમાં નવીન બનેલ હોટલ અને રેલ્વે સ્ટેશનનું લોકાર્પણ કરશે

# PM મોદી આજે અમદાવાદ-ગાંધીનગરમાં વિવિધ વિકાસકાર્યોનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરશે

ગાંધીનગર,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે શુક્રવારના રોજ રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે પુનઃ નિર્મિત 'ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન' તેમજ પંચતારક હોટેલના લોકાર્પણની સાથે ગુજરાતને અનેકવિધ વિકાસકામોની ભેટ આપશે. વડાપ્રધાન આવતીકાલે બપોરે ૪ કલાકે ગાંધીનગરના અદ્યતન નવિનીકરણ સાથે કાયાકલ્પ થયેલા ગાંધીનગર રેલ્વે સ્ટેશન સહીત આઠ જેટલા વિવિધ વિકાસલક્ષી કાર્યોનું નવી દિલ્હીથી ખાતેથી વર્ચ્યુઅલ લોકાર્પણ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા તે વેળા તેમણે ગુજરાતને દેશના સૌથી વિકસિત રાજ્ય તરીકે આગળ વધારવાનો સંકલ્પ કર્યો હતો. તેમની આ સંકલ્પનાના ભાગરૂપે જ ગાંધીનગર ખાતે વૈશ્વિક સ્તરનું 'મહાત્મા મંદિર કન્વેનશન સેન્ટર કોમ્પ્લેક્સ' સાકારિત થયું. સૌ સુપરિચિત છે જ કે, વડાપ્રધાનની પ્રેરણાથી મૂર્તરૂપ પામેલું 'મહાત્મા મંદિર' વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ સહિતની અનેકવિધ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બિઝનેસ સમિટ, કોન્ફરન્સ, પ્રદર્શનો અને અવનવી સફળ ઈવેન્ટ્સનું સાક્ષી રહ્યું છે.

'મહાત્મા મંદિર' ખાતે નિયમિત રીતે યોજાતી દ્વિવાર્ષિક 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ' બાદ તો આ સ્થળનું આકર્ષણ સૌના માટે અનેકગણું વધી ગયું. આ સ્થળ વિશ્વના અનેકાનેક દેશોના પ્રમુખો, વડાપ્રધાનો, સાંસદો, રાજદૂતો, ઉદ્યોગ સાહસિકો, વિજ્ઞાનીઓ અને શિક્ષણવિદો માટે મુખ્ય યજમાન સ્થળ બની ગયું છે.

મહાત્મા મંદિર, મેટ્રો રેલ, અમદાવાદ-ગાંધીનગરને જોડતા છ-માર્ગીય ધોરીમાર્ગ, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, રક્ષા શક્તિ યુનિવર્સિટી, ગિફ્ટ-સીટી સહિતના સંખ્યાબંધ અત્યાધુનિક પ્રકલ્પોની માફક 'મહાત્મા મંદિર'ની નજદીકમાં જ અદ્યતન નવિનીકરણ સાથે કાયાકલ્પ થયેલા 'ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન'માં ૩ પ્લેટફોર્મ્સનું પુનઃ નિર્માણ કરવામાં આવ્યું છે.

દેશમાં વૈશ્વિક કક્ષાના રેલવે-સ્ટેશનની નવી માર્ગદર્શિકા અનુસાર નિર્માણ પામેલા આ રેલવે સ્ટેશન ખાતે ૩ પ્લેટફોર્મ પૈકી એક વન -એન્ડ પ્લેટફોર્મ, જ્યારે અન્ય આઈલેન્ડ પ્લેફોર્મ છે. આ સ્ટેશન ખાતે ૨ એસ્કેલેટર્સ, ૩ એલિવેટર્સ અને ૨ પેડેસ્ટ્રીયન (રાહદારી) સબ-વે છે, જે પ્લેટફોર્મ્સને જોડે છે. આ ઉપરાંત, અલગ અલગ સ્થળે આશરે ૩૦૦ વ્યક્તિઓ માટેનું પ્રતીક્ષા સ્થળ, સેન્ટ્રલી એર-કન્ડીશંડ મલ્ટિપર્પસ હોલ, બેબી ફીડિંગ રૂમ, પ્રાર્થના ખંડ તથા પ્રાથમિક સારવારનો ખંડ, ઑડિયો-વિડીયો, ન્ઈઙ સ્ક્રીન સાથે આર્ટ ગેલેરી માટેનો ડિસ્પ્લે એરિયા તથા ૧૦૫ મીટર લાબું કોલમ વગરનું એલ્યુમિનમની છત ધરાવતું સ્ટેશન છે.

સાયન્સ સિટી પરિસરમાં રૂ. ૧૨૭ કરોડના ખર્ચે ૧૧૦૦૦ સ્કેવર મીટર વિસ્તારમાં નિર્મિત અત્યાધુનિક રોબોટિક ગેલેરીમાં ૭૯ પ્રકારના ૨૦૦થી વધુ રોબોટ છે. પ્રવેશદ્વાર પર અચંબિત કરી દેનાર ટ્રાન્સફોર્મર રોબોટની પ્રતિકૃતિ છે. તેમજ આ ગેલેરીમાં ખાસ રીતે તૈયાર કરાયેલ હ્યુમનોઇડ રોબોટ આનંદ, આશ્ચર્ય અને ઉત્સાહ જેવી અનેક ભાવનાઓ વ્યકત કરતાં મુલાકાતીઓ સાથે વાતચીત કરે છે. ગેલેરીના અલગ અલગ માળ પર વિવિધ ક્ષેત્રના રોબોટ્સ અને તેની ઉપયોગિતાનું પ્રદર્શન છે, જેમ કે મેડિસિન, એગ્રિકલ્ચર, સ્પેસ, ડિફેન્સ અને રોજિંદા જીવનમાં ઉપયોગી રોબોટ્સ. રોબોકાફેમાં રોબો શેફ દ્વારા બનાવાયેલી ભોજન રોબો વેઈટર્સ દ્વારા પીરસવામાં આવશે, તે સુવિધાઓનું પણ ઉદઘાટન વડાપ્રધાન વર્ચ્યુઅલ માધ્યમથી કરશે.

### રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૦ તાલુકામાં મેઘમહેર: ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી



અમદાવાદ,તા.૧૫

રાજ્યમાં મેઘરાજાની નવી ઈનિંગ ધમાકેદાર અંદાજમાં શરૂ થઈ ગઈ છે. ચોમાસાની શરૂઆતમાં મેઘરાજાએ વરસ્યા બાદ વિરામ લીધો હતો. સૌરાષ્ટ્રના દરિયાકાંઠે સર્જાયેલા લો પ્રેશર અને સાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમને પગલે હવે ફરી એકવાર રાજ્યમાં ચોમાસું સક્રિય થઈ ગયું છે. ત્યારે હવામાન વિભાગ મુજબ, દક્ષિણ ગુજરાત ૩ દિવસ અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી જાહેર કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૭૦ તાલુકામાં મેઘમહેર થઈ છે. એ ઉપરાંત આજે સવારે ગીર-સોમનાથમાં વેરાવળમાં ૨ મિમી, સુત્રાપાડામાં ૩ મિમી અને સાબરકાંઠાના વિજયનગરમાં ૨ મિમી વરસાદ થયો છે.

હવામાન વિભાગનાં ડાયરેક્ટર મનોરમા મોહંતીના જણાવ્યા મુજબ, દક્ષિણ ગુજરાતમાં ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી તથા સૌરાષ્ટ્રમાં આજે અને આવતીકાલે ભારે વરસાદની આગાહી છે. દક્ષિણ ગુજરાતમાં નવસારી, વલસાડ તથા દમણમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે, જ્યારે ડાંગ, તાપી અને સુરતમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે.

સૌરાષ્ટ્રમાં જામનગર, પોરબંદર, દ્વારકા અને કચ્છમાં ભારે વરસાદની સંભાવના છે. ભારે વરસાદની આશંકાને પગલે માછીમારોને બે દિવસ માટે દરિયો ન ખેડવાની સૂચના અપાઈ છે. બીજી બાજુ, ઉત્તર ગુજરાતમાં પણ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના દર્શાવાઈ છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો રાજ્યના ૭૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે, જ્યારે રાજ્યમાં અત્યારસુધીમાં સીઝનનો ૨૦.૦૯ ટકા વરસાદ નોંધાયો છે.

# રાજકોટમાં પિતાએ પુત્રને લાકડી વડે માર માર્યો: મોત નિપજતા ચકચાર મચી

રાજકોટ,તા.૧૫

રાજકોટ કાલાવડ રોડ પર રાણી ટાવર નજીક રાણી ચોકમાં નંદનવન સોસાયટીમાં નેપાળી પરિવાર રહે છે. અહીં જ ચોકીદારી કરતા નેપાળના યુવાને ગત સાંજે પોતાનો ૮ વર્ષનો પુત્ર જમવા ન બેસતો હોય અને પોતાનું કહ્યું માનતો ન હોવાથી ઢોર માર માર્યો હતો. તેમજ તોફાન કરતો હોવાથી તેને લાકડીથી ફટકાર્યો હતો. જમી લીધા બાદ આ ટેણીયો ફરી તોફાને ચડતાં નેપાળી યુવાન ફરી તેને મારવા માટે દોડતાં તે પડી જતાં ઈજા થઇ હતી. એ પછી તે સુઇ ગયો હતો. મોડી રાતે આ બાળકની તબિયત બગડતાં હોસ્પિટલે ખસેડાયો હતો. પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. મોત મારથી થયું કે પડી જવાની ઈજાથી? તે ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ ખબર પડશે. હાલ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગત મુજબ કાલાવડ રોડ પર નંદનવન સોસાયટીમાં રહેતાં ૮ વર્ષના સૌરભ સિધ્ધરાજ ભૂલને વહેલી સવારે બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહીં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં સૌરભ સાંજે રમતાં રમતાં પડી જતાં માથા અને શરીરે ઈજાઓ થઈ હોવાથી બેભાન થઇ ગયાનું જણાવાતાં તે મુજબની એન્ટ્રી હોસ્પિટલ ચોકીના હેડકોન્સ. રણછોડભાઇ સાંબડે તાલુકા પોલીસમાં નોંધાવી હતી.

બનાવની જાણ થતાં તાલુકા પોલીસ મથકના જીૈ વી.એન. મોરવાડીયા તથા હેડકોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા સહિતનો સ્ટાફ હોસ્પિટલે પહોંચ્યો હતો. પોલીસે પંચનામા માટે બાળક સૌરભના મૃતદેહનું નિરિક્ષણ કરતાં તેના શરીર પર પડખામાં, જમણા સાથળ પાસે, ગોઠણથી નીચેના ભાગે, ડાબા પગના સાથળ પાસે, ડાબા સાથળ પાસે તેમજ બીજા ભાગોમાં માર મારવામાં આવ્યો હોય તેવા ઈજાના નિશાન જોવા મળતાં પોલીસને શંકા ઉપજી હતી.

પોલીસે સૌરભના પિતા સિધ્ધરાજ બીરખાભાઇ ભૂલની પૂછપરછ કરતાં પહેલા તો તેણે દિકરો રમતાં રમતાં પડી ગયાની વાત પકડી રાખી હતી. પરંતુ એ પછી પોલીસે શાંતિપૂર્વક તેને જે બન્યું હોય તે જણાવી દેવા કહેતાં તેણે સાંજે દિકરાને પોતે લાકડીથી ફટકાર્યો હોવાની કબૂલાત આપી હતી. હાલ પોલીસે બાળકનું ફોરેન્સિક પીએમ કરાવી આગળ કાર્યવાહી અહીં જ હાથ ધરી છે.

### રૂપિયાથી કુળનાં સંસ્કાર વેચાતા નથી.

રૂપિયાથી કુટુંબની શાખ, નામના વેચાતી નથી.
રૂપિયાથી નીતિમાં ફરક આવતો નથી.
રૂપિયા કરતાં પરિવાર સાથેનો સંબધ અમૂલ્ય છે.
રૂપિયાથી સુમેળભર્યા સંબધો અવમૂલ્ય છે.
રૂપિયા કરતાં ખાનદાનની આબરૂ કિંમતી છે.

રૂપિયા કરતાં આપણા ઈસ્ટદેવ, દેવી,ધર્મગુરુ અને સંતોની સત્વાણી, સત્કર્મનાં ઉપદેશ અને સદાચારી જીવન મહત્વનું છે.

તો પછી અમુક તત્વો રૂપિયાને સર્વેસર્વા સમજી હિંદુ ધર્મ, હિંદુ સંસ્કાર અને સંસ્કૃતિની ધરોહર સમાન માનવતાને નેવે મૂકી હિંદુ કુળને લાંછન લગાવતાં કૃત્યો કરી સનાતન ધર્મને નીચો પછાડવા પ્રયત્નો કરી બદનામ કરે છે?

વાત ખોટી હોય તો વડવાઓને જરૂર પૂછી શકો છો.

પ્રશાંત ભટ્ટ.કચ્છ.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ પદ્ય, રચના
વિષય : " કથની - કરણી "' " સુખ : દુઃખ "
rð»kÞf h[™kyku. . rËð, - 4

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

**NOG SS NO - 0037**
વિષય - સુખ, દુઃખ.....
વિભાગ - પદ્ય.
શીર્ષક - સુખ દુઃખ વચ્ચે જીવન યાત્રા.

જીવન સુખ દુઃખથી ભરેલી યાત્રા....!
જન્મ આપી, કર્મ તણાં બંધને,બાંધી,
મુક્ત રહ્યો પરમાત્માં.....!
સૃષ્ટી આપી સઘળી,સર્જનહારે,
કર્મ તણાં ફળ રાખ્યાં હાથમાં...!
ધરા આપી વાવણી કરવા, સત્ કર્મની,
કણ કણ, વાવો,અનેક ગણું આપશે પરમાત્માં..!
સત્ કર્મનો કરશે સરવાળો,
કોઈના અંતરના આશીર્વાદનો થશે, ગુણાકાર...!
શ્રદ્ધાનો દીપક, સદા પરસેવે દીપે,
સુખ, દુઃખનો આધાર- સ્તંભ ....!
ગમતું બધું મળતું નથી,
મળેલું ગમતું નથી,આ જ કરુણતાં...!
કોઈ કોઈને સુખ,દુઃખ આપી શકતાં નથી,
સૌ કોઈ પોતાનાં, કર્મનું ફળ મેળવે ...!
માનો તો જિંદગી સુખનો મહાસાગર,
ના માનો તો દુઃખનો દરિયો....!

હેમલતા દિવેચા.

---

**NOG SS No - 0050**
શબ્દ- સુખ- દુઃખ
વિભાગ - પદ્ય
શીર્ષક- ગતિ

પૂર્ણાનંદ વ્હાલો હરિ છે ,
ને કૃષ્ણ એજ ગતિ છે..!
સવે દુષિત રાહ નાશ પામે..!
એ જ કૃષ્ણની ગતિ છે..!
સર્જનહારે સૃષ્ટિ રચી ,
કાળનાં ગર્ભમાં અંતે તો સમાઈ જાય છે..!
સમય બડો ન્યારો..!
સમય પર ખીલે ફૂલ,ફળ
વખત આવે કરમાઈ જાય..!
એતો પ્રભુની ગતિ ન્યારી..!
જે જન્મ્યું છે જગમાં ,
એક દિ' સવે પામ્યું છે..!
અંત પણ જગમાં થાતો..!
જન્મનો એક છેડો છે એ ,
મરણ તો બીજો છેડો છે..!
વચ્ચે કર્મની ગતિ ન્યારી..!
રોકીના શકાય ,
ના રોકી શકાશે..!
ગતિ બદલાશે કદી..!
કાળનાં ગર્ભમાં જન્મેલો માણસ..!
સૃષ્ટિના ગર્ભમાં જ સમાણો..!
નથી જન્મ કે મરણ હાથમાં..!
પ્રભુએ આપેલી ગતિ ન્યારી..!
માટે સુખ, દુઃખ તો ,
જીવનનાં બે પૈડાં કેવાં કેવાં..!
સરરરર સર ગતિ બદલે કેવી..?

રાગીની શુક્લ "રાગ" ( મુંબઈ, કાંદિવલી.)

---

**NOG SS NO : 0078**
પ્રકાર - પદ્ય
વિષય - સુખ - દુઃખ
શીર્ષક - વિભિન્ન અભિવ્યક્તિ....

૧)
જીવનના સુખ-દુઃખ ઉપાડી ;
માણસ કાયમ જ મજૂર થયો.
૨)
હું સમય સાથે સદા ભળતી રહી;
હોય સુખ કે દુઃખ છતાં હસતી રહી.
૩)
યાદ સુખ-દુઃખની ભરી અંદર ઘણી;
અશ્રુ હાસ્યોનું મલક છે આ હૃદય.
૪)
હંમેશાં જીવનમાં એકસરખું રહેશે નહીં;
તો સુખ-દુઃખના દિ' બેઉ સાથે કાપી લઈએ.
૫)
જ્યારે પણ સુખ આવ્યાંના ભણકારા વાગે;
સાથે કંઈ દુઃખ આણ્યાંના ભણકારા વાગે.
૬)
પાગલને સુખ કે દુઃખ ન અહેસાસ થાય તો?
એવું કદી થવાય કંઈ તું જ કહે મને?
૭)
બાળકોના સુખમાં સુખ, પણ દુઃખ જો આવે તો?
તો હજી પણ કહું પ્રભુથી કરગરે છે મા.
૮)
સુખમાં તો સૌ સાથ પણ, દુઃખમાં બધાં ક્યાં હોય છે?
પણ "હું છું ને" બોલવામાં કોઈ પાછળ તો નથી?
૯)
અનુભવ સુખ અને દુઃખનો જીવનમાં થાય સ્વાભાવિક ;
હૃદયને રાખજે પણ ખુશ જીવનનો સાર સમજીને.
૧૦)
ઉપાડી સુખ ને દુઃખની ગુણ થયું છે મન ઘણું ખડતલ;
ઉથલપાથલ ઘણી વેળા કરી પણ દે એ સ્થળ સમતલ.
૧૧)
ફરે સમય ચક્ર એકસરખું, છતાં થઈ જાય સત્ય એ ભ્રમ;
કે સુખમાં ધીમે ને દુઃખમાં જલ્દી, સમય એ રીતે સરે તો કેવું?

- શ્વેતા તલાટી.વડોદરા

---

**NOG SS No: 0092**
પ્રકારઃ-પદ્ય
શીર્ષકઃ- કથની અને કરણી

ભેદ જયાં હોય કથની અને કરણી માં,
માનવ ફસાય છે ત્યાં પોતાના જ વિચારોની વૈતરણીમાં.
બાહ્ય જગતને જીતવા,
લોભામણા એ કથનો કરે,
વાત આવે અમલમાં મુકવાની
તો કેડ સમાં પાણીમાંય
છબ છબિયાં કરે.
હાથીના દાંત સમા ચાવવાના અને દેખાડવાના અલગ રાખે,
જેવી જયાં જરૂરિયાત,
તેવી એ નિત નવી તરકીબો અજમાવે.
ભરેલી છે આવા માનવોથી દુનિયા,
જે કહે કાંઈ અને કરે કાંઇ.
સમય આવ્યે રાઇને પર્વત બનાવે,
અને ક્યારેક પર્વતને પણ કરી દે રાઈ.
એક સવાલ જરૂર થાય છે કે,
શું આત્મા એમનો જવાબ ક્યારેય નથી માંગતો??
બીજાને તો આંજી નાંખે,
પણ કોઈને છેતર્યાના ભાવથી નથી આત્મા પોતાનો દુભાતો!

અલકા મહેતા,ગાંધીનગર..

---

**NOG SS NO- 0088**
વિષય શબ્દ- કથની- કરણી..
પ્રકાર- પદ્ય
શીર્ષક- રથયાત્રા

જગતનો નાથ તું કર્ણાવતીનો છો નગરપતિ..
નીકળે તું નગરચર્યાએ નાથ રથમાં બેસી..
એય વાલા! અષાઢી બીજે, આખા વર્ષે એક દા'ડો..
ભક્તોની ભીડ ભારે કાયમ તારે દ્વારે..
લાખોની મેદની રથ ખેંચે ને હરખી સૌ વધાવે..
જયઘોષ, મંગલધ્વનિ ને અતિઘણો કલશોર..
અખાડાના કરતબ, ખેલ ને દાવપેચ જોતો..
ચેતજે વા'લા ચેતવું તને બહુ તું ચેતનવંતો!
આંખના પાટા કાઢી, બાંધજે નાક-મોંએ સીધો..
નીકળે આજે સવારી, અંતર જાળવજે સૌથી..
પણ રહેજે નાથ અંતરમાં અંતરાત્મામાં સમાઇ!...
જોઈ લેજે નિર્જન રસ્તો ને વળી સાવ સૂનો સન્નાટો..
લોકવાયકા કહે, "જેવી કરણી તેવી ભરણી!"
પૂછું કાન્હા, કાનમાં એક સવાલ સાવ ધીમેથી!..
કરી એવી તેં શી કરણી તે રથયાત્રા નીકળે આવી?..
શ્રદ્ધા રાખજે ભક્ત પર વાત તું ને હું જ જાણું..
લાજ નહીં જાવા દઉં તારી વિરમું છું હું વાણી..
તેં રાખી કાયમ મારી, આજ રાખું છું હું તારી..
કહીશ એટલું.. નાથે આંખના પાટા શેરવી, મોંઢે દીધા છે ફેરવી.

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

### વિધા-ग़ज़ल

आप भी क्या क़माल करते हो।
काम सब बेमिसाल करते हो।।

बेबसों को हलाल करते हो।
क्यूँ ज़मीं लाल लाल करते हो।।

कब किसी का ख़याल करते हो।
बेसबब ही धमाल करते हो।।

आप शोला बयानियाँ देकर।
बस्तियों में बवाल करते हो।।

दाव पर ज़िन्दगी लगा कर तुम।
दिल हमारा निढाल करते हो।।

सच बताओ कि क्या छुपाया है।
दोस्ती में ज़बाल करते हो।।

रंग कैसा लगा दिया तुमने।
ख़ून को भी गुलाल करते हो।।

छोड़ कर जब शरद गया पंछी।
उड़ गया तब मलाल करते हो।।

शरदकांत मिश्र 'लंकेश'
🙏🙏🙏🙏🙏



## બકરી ઇદ ને લઈને કરેલ ડી.જી.પી ના આદેશ થી જીવદયા પ્રેમીઓમાં રોષ

આગામી સમયમાં યોજાનાર બકરી ઈદને લઈને એડિશનલ ડીજીપી એ આદેશ કર્યો છે કે બકરી ઈદ આવે છે તો પશુઓની હેરફેર માટે પરમીટ હોય તો તેમને હેરાન કરવા નહિ. તેઓ આદેશ કરતા જીવદયા પ્રેમીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. અને તાત્કાલિક ધોરણે આ નિર્ણયને પાછો ખેંચવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે

આગામી ૨૧ જુલાઈના રોજ બકરી ઈદનો તહેવાર આવી રહ્યો છે. ત્યારે તે દિવસે મોટા પ્રમાણ માં પશુ ઓની હેરાફરી થતી હોય છે .ત્યારે અનેક વાર જીવદયા પ્રેમીઓ દ્વારા મોટા પ્રમાણ માં અબોલ પશુ ઓને કતલખાને જતા રોકાવી તેમને બચાવવામાં આવે છે. પરંતુ એડિશનલ ડી જી પી પોલીસ દ્વારા બકરી ઈદ આવી રહી છે. જેથી પશુ હેરફેર કરતા પાસે ગાય કે ગૌવંશ સિવાય ના પશુ ઓનો પરમીટ હોય તો હેરાન કરવા નહિ જવા દેવાનો એવો આદેશ પોલીસ ને કરવામાં આવ્યો છે. જેથી જીવદયા પ્રેમીયા માં આ આદેશ ને લઈ ને રોષ જોવા મળી રહ્યો છે.

જીવદયા પ્રેમીઓ જણાવી રહ્યા છે.કે ડી જી પી દ્વારા ગેર કાયદેસર આદેશ કરવામાં આવ્યો છે. જે પશુ ઓની હેરાફેરી કરતા શખ્સો પાસે કયું પરમીટ છે. સાચું છે કે જૂઠું તેનો તપાસ કરવામાં આવે અને આ આદેશ ના આડમાં અનેક પશુ ઓને લઈ જવાશે જેથી આ આદેશ યોગ્ય નથી તેમજ આ આદેશ ને પાછો ખેંચવામાં આવે નહિતર આગામી સમય માં જીવદયા પ્રેમીઓ દ્વારા ઉગ્ર રજુઆત કરવામાં આવશે...

## પશ્ચિમ બંગાળમાં હિંસા માટે નર્મદા કલેકટરને આવેદનપત્ર



રાજપીપલા, તા.૧૫
પશ્ચિમ બંગાળના ચુંટણી પરિણામો પછીદ જનજાતિ સુરક્ષા મંચ ગુજરાત પ્રાંત દ્વારા નિંદનીય હિંસા માટે નર્મદા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.આવેદનપત્રમાં જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળના ચુંટણી પરિણામો પછી લોકતંત્રને શરમાવે તેવી હિંસા કરવામાં આવી છે. જેમાં ૫૦ લોકો મરી ગયા છે. સંકડો ઘાયલ થયા છે. હજારો લોકોએ ઘર પરિવારો છોડવા પડ્યા છે. કરોડો રૂપિયાની સંપત્તિ લુંટી લીધી અને આગમા બળી ગઈ છે. મહિલાઓ સાથે સામૂહિક બળાત્કાર થયો છે. આનો સ્વીકાર એસટી.એસી વર્ગના લોકો બન્યા છે. ૧૬ થી ૧૭ જિલ્લાનાં ૩,૭૦૦ ગામડાં લોકો ભોગ બન્યા છે. જેની તપાસની માગણી કરી હતી. આ બાબતે રાષ્ટ્રપતિને પત્ર લખીને જાણ કરી છે. જનજાતિ સુરક્ષા મંચ ગુજરાતના સંયોજક અરવિંદ ભાઈ વસાવા સદસ્ય જિગ્નેશવસાવાએ નર્મદા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## સેલંબા ગામે હિન્દુ મુસ્લીમ કોમ વચ્ચે કોમી વૈમનસ્ય પેદા થાય તેવે મેસેજ વાયરલ કરવાની ફરિયાદ

રાજપીપલા, તા ૧૫
સેલંબા ગામેહિન્દુ મુસ્લીમ કોમ વચ્ચે કોમી વૈમનસ્ય પેદા થાય તેવે મેસેજ વાયરલ કરતાઆરોપી સામે સાગબારા પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

જેમાં ફરીયાદીસાજીદશેખ સલીમ શેખ (રહે. સેલંબા પાંચ પીપરી રોડ તા.સાગબારા,જી.નર્મદા)એ આરોપી સંતોષ ઉર્ફે ભુરીયો વસંતભાઈ વસાવા (રહે.સેલંબા નવી નગરી તા.સાગબારા,જી. નર્મદા)સામે ફરિયાદ દાખલ કરી છે. ફરિયાદની વિગત અનુંસાર આરોપીએ મોબાઈલ ફોન નંબરથી હિંદી ભાષામાં-બિભતસ ભાષામા ગાળો બોલતો ઓડીયો ક્લીપ તથા બીજી એક ઓડીયો ક્લીપમાં સ્થાનિક આદિવાસી ભાષા વાળી×મુસ્લ વેયકા કેડો બી વેય આદિવાસી હિંદુ કી દિ બીવલા નેય, ઉનાયા કા મુસલીયા સે કીદી બિવલા નેય હિંદુ આદિવાસી એક વી જા તો સુકીયા હાય નેતા ઈ મુસ્લ હાય કે ને ગેલ ચોપ્લે માઈ ટાંકી હિંદુલ આદિવાસી વાળી ઓડીયો ક્લીપ સોશીયલ મીડીયામાં વાયરલ કરી હિન્દુ મુસ્લીમ કોમ વચ્ચે દુશ્મનાવટ ઉભી થાય અને કોમી એકતા તોડવાનો પ્રયાસ કરી તથા બે કોમ વચ્ચે કોમી વૈમનસ્ય પેદા થાય તથા મુસ્લીમ સમાજના લોકોની લાગણી દુભાય તે રીતે ગુનાહીત કૃત્ય કરી ગુનો કરતા આરોપી સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયોતિ જગતાપ, રાજપીપલા

### ગુજરાતની મધર ટેરેસા રાજપીપલાના ડો.. દમયંતીબા

# રાજપીપળામાં રહેતા માનવતા વાદી અને નિશ્વાર્થ ભાવે સેવાભાવી ડો. દમયંતીબાની અનોખી લોકસેવા



**ગુજરાતની મધર ટેરેસા તરીકે જાણીતા રાજપીપલાના સેવાભાવી ડો.. દમયંતીબા છેલ્લા દસ વરસથી ફક્ત એક રૂપિયામાં કેન્સરનો ઈલાજ કરે છે.**

રાજપીપલા, તા ૧૫
કોરોના કાળ મા સૌથી વધારે મહત્વ જો કોઈને મળતું હોય તો એ છે ડોક્ટર. જેમણે અસંખ્ય કોરોનાના દર્દીઓને સાજા કર્યા છે. અને અસંખ્ય લોકોને મોતના મુખમાંથી ઉગાર્યા છે. ડોક્ટરને લોકોએ ભગવાનનો દરજ્જો આપ્યો છે એવા ડોક્ટર સાચા અર્થમાં કોરોના વોરિયર્સ બન્યા છે. પણ આજે આપણે ગુજરાતની મધર ટેરેસા તારિકા જાણીતા સેવા ભાવિ અને માનવતાવાદી એવા ડોક્ટરની વાત કરવી છે જે કેન્સર જેવી દારૂણ અને મોંઘી બીમારીની સારવાર માત્ર એક રૂપિયામા કરે છે. અને આ આ એક રૂપિયો પણ પોતાના માટે નહીં પણ ગાયોના સંરક્ષણ માટે ફંડ તરીકે ભેગા કરી ગૌ સેવા કરે છે. એમનું નામ છે ડો. દમયંતીબા સિંધા. રાજપીપલાના ડો. દમયંતીબા છેલ્લા છેલ્લા દસ વરસથી ફક્ત કેન્સરનો ઈલાજ કરે છે. કેન્સરના ઈલાજ પાછળ લાખોનો ખર્ચ થતો હોવા છતાં ઘણા દર્દીઓ સારા થતાં નથી પણ દેશ વિદેશમાંથી દમયંતીબા પાસે આવતા દર્દીઓનોવિના મુલ્યે ઈલાજ થાય છે. અને દર્દીઓ સારા થઈને જાય છે. આવો આજે આપણે નિશ્વાર્થ ભાવે લોકોની સેવા કરતા રાજપીપલાનાડો. દમયંતીબા સિંધાને મળીએ આ છે ડો. દમયંતીબા.

તેઓ આયુર્વેદ વનસ્પતિઓઅને જડીબુટ્ટીઓ માંથી દવા બનાવે છે.જેનાથી કેન્સર, લકવા, ડાયાબિટીસ, નિઃસંતાન દંપતી, ચામડીના રોગો, સફેદ કોઢ, કિડની, પથરી વગેરે નો ઈલાજ કરે છે.કેન્સરની દવા બનાવી અનેક બહેનોમાં ગર્ભાશયના કેન્સર તેમણે મટાડયા છે.લકવાના દર્દીઓ માટે વનપતિઓ અને જડીબુટ્ટી વાટીને દવા તૈયારકરીને પીવડાવીને લકવા ના દર્દીઓનેપણ પથારીવશ હતા તેને પણ ઉભાકર્યા છે.

દમયંતીબા એ કોરોનાના દર્દીઓની પણ સારવાર કરીને કોરોના પોઝીટીવમા સાજા કરી નેગેટિવ બનાવ્યા છે.રાજપીપલા ની જિગીષા પટેલને કોરોના પોઝીટીવ આવતા ખુબ ગભરાઈ ગઈ હતી. પણ તેણે ડો.દમયંતીબા પાસે સારવાર લેતા સારી થઈ ગઈ હતી.એ ઉપરાંત એમણે આરોગ્ય માસ્ક ડ્રોપ બનાવ્યા છે જે માસ્કમાં બે ટીપા નાખીને માસ્ક પહેરવાથી ૫ કલાક સુધી ઓક્સિજન મળતો રહે છે. એ ઉપરાંત દર મહિને ૧ થી ૧૨વર્ષના બાળકને વિનામૂલ્લેસુવર્ણપ્રાશના ટીપા પીવડાવે છેજેપી બાળકનો શારીરિક બૌદ્ધિકવિકાસ થાય હવે આપણે ડો.દમયંતીબાના બીજા સ્વરૂપને પણ નિહાળીએ. દમયંતીબા ને શરૂઆતથી લોકોની સેવા કરવાની ભાવના હતી. તેથીગરીબ બહેનોને ભણાવવા માં મદદ કરી બાપવગર ની દિકરીઓને પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓને કન્યાદાન કરે છે.આવી ઘણી કન્યાઓનું કન્યાદાન કર્યુ છે.સપના નામની દીકરીભણવા જતી નહોતી તો તેને સ્કૂલમાં દાખલ કરી તેને નોટો પુસ્તકો,કપડાં વગેરે જરૂરિયાતની વસ્તુઓઅપાવીમદદ કરી છે.

પોતે યોગ કોચ હોવાથી છેલ્લાપાંચ વરસના ભૂલકાથી માંડીને ૮૦ વર્ષની વૃદ્ધા બેહેનો સ્વસ્થઅને નિરોગી રહે એના માટેડો. દમયંતીબા રોજ મફત યોગક્લાસીસ ચલાવીને યોગની તાલીમપૌતે જાતે આપીને સ્વસ્થ ભારતનિર્માણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.એ ઉપરાંતબહેનો પોતાના પગભેર થાય એના માટે ૧૫૦૦થી વધુ બહેનોનેબહેનોને સિવણ અને બ્યુટી પાર્લરનીતાલીમ આપી તેમને સ્વનિર્ભર કર્યા છે.અને આ બહેનો મહિને પાંચ હજાર થી પચાસ હજાર કમાતી થઈગઈ છે.એ ઉપરાંત તેઓ ભૂખ્યાને ભોજન, ગરીબોને ચપ્પલ, વસ્ત્રોનું દાન, ઉપરાંત કોરોના કાળમાં અસંખ્ય લોકોને નિઃશુલ્ક ઉકાળાનું વિતરણ કર્યું છે. આ કામગીરી માટે ડો. દમયંતીબાને ૯૫ જેટલાં એવોર્ડ સન્માન થી સન્માનિત કર્યા છે જેમાં કોરોનાવાયરસ એવોર્ડ,વુમન એક્સિલન્સ એચિવમેન્ટ એવોર્ડ, નારી રત્ન સન્માન, હેલ્થ કેર આઈકોનિક પર્સનાલિટી એવોર્ડ, જીનિયસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માં સ્થાન, લીજેન્ડ ઓફ ધ વર્લ્ડ રેકોર્ડસહિત અનેક એવોર્ડથી તેઓ સન્માનિત થઈ ચુક્યા છે.સાચા અર્થમાં મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ છે. ખરેખર દમયંતીબા ગુજરાતના સાચા અર્થમાં મધર ટેરેસા છે.દમયંતીબાઆવી જ રીતે લોકોની સેવા કરતા રહે એવી શુભેચ્છાઓ પાઠવીએ

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

### લો બોલો.. મોડાસામાં શ્વાને કર્યું રક્તદાન..

# અરવલ્લીમાં પ્રથમ કીસ્સો,વેટરનરી તબીબોનું સફળ બ્લડ ટ્રાન્સફયુઝન



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

જીંદગી બચાવવા માટે રક્તદાન કેટલું મહત્વનું છે તેના અવાર નવાર કિસ્સા આપણે સાંભળી છે, અરવલ્લી જિલ્લામાં એક શ્વાને લોહી આપી બીજા શ્વાનનો જીવ બચાવ્યો હોવાનો પહેલો કિસ્સો પ્રકાશમાં આવ્યો છેજેમાં મોડાસા શહેરના ગેબીનાથ મંદીરના એક તંદુરસ્ત શ્વાનનું લોહી લઈ કીડની અને લીવરની બીમારીથી પીડાતા બીજા શ્વાનને ચઢાવી જીવ બચાવાયોનો પહેલો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.શામળાજી પશુ દવાખાનાના ડૉ.જીતેન્દ્ર ભુતડીયા,ખાનગી તબીબ નેહલ રાઠોડ અને

૧૯૬૨ કરૂણા હેલ્પલાઈનના વેટેનરી તબીબ ડૉ.પ્રિયાંશી પટેલે બીમાર શ્વાનને લોહી ચઢાવી બચાવી લેવામાં આવ્યો છે હાલ શ્વાનની તબીયત સુધારા પર હોવાનું તબીબોએ જણાવ્યું હતું

મોડાસા શહેરના ગેબીનાથ મંદિર નજીક રહેણાંક વિસ્તારમાં એક શેરી શ્વાન બીમાર હોવાનો અને સારવારની તાતી જરૂરિયાત હોવાથી ડૉ.જીતેન્દ્ર ભુતડીયા,અને ડૉ.નેહલ રાઠોડે કરૂણા હેલ્પલાઈન-૧૯૬૨ના સહયોગ થી છેલ્લા કેટલાક સમયથી કીડની અને લીવરની ગંભીર બીમારી થી પીડાતા શ્વાનને લોહીની ઉણ હોવાથી વેટેનરી તબીબ ટીમે શ્વાનને બ્લડ ચઢાવવાનો નિર્ણય કરી નજીકમાં આવેલા ગેબીનાથ મહાદેવ મંદિરમાં તંદુરસ્ત શ્વાન હોવાની જાણ થતા મંદીરના મહંતને જાણ કરતા મહંતે મંદીરના શ્વાનના લોહી થી અન્ય શ્વાનની જીંદગી બચતી હોવાથી તરતજ મંજૂરી આપી હતી

શામળાજી પશુ દવાખાનાના તબીબ જીતેન્દ્ર ભુતડીયા અન્ય એક ખાનગી તબીબ ડૉ.નેહલ રાઠોડ અને કરૂણા હેલ્પલાઈનના ડૉ.પ્રિયાંશી પટેલની મદદથી તંદુરસ્ત શ્વાનનું લોહી લઈ બીમાર શ્વાનને આપવામાં આવ્યું હતું બીમાર શ્વાનને લોહી ચઢાવતા છેલ્લા કેટલાક દીવસથી મૃતપાય હાલતમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલ શ્વાનને નવજીવન આપ્યું હતું જીવદયા પ્રેમી અને લોકોએ જીલ્લામાં સૌપ્રથમ વાર એક શ્વાનના લોહી થી અન્ય બીમાર શ્વાનનો પ્રાણ બચાવી લેનાર ૧૯૬૨ કરૂણા હેલ્પલાઈનના વેટેનરી તબીબ પ્રિયાંશી પટેલ,ડૉ.જીતેન્દ્ર ભૂતડીયા, નેહલ રાઠોડ અને તેમની ટીમની સરાહના કરી હતી

મોડાસા શહેરમાં શ્વાને રક્તદાન કરીને અન્ય શ્વાનનો જીવ બચાવવામાં મદદ આપી હોવાનો કિસ્સો સામે આવ્યો છે .માણસો માટે રક્તદાનના કાર્યક્રમો યોજાતા હોય છે. અને માણસોને અનેક કારણેસર રક્તની જરૂર પડતી હોય છે. પરંતુ શ્વાનને રક્તની જરૂર પડી હોવાની ઘટનાઓ ખુબ જ ઓછા સમયે સામે આવે છે. જિલ્લામાં હજી સુધી પશુઓ માટે બ્લડ બેંકની કોઈ વ્યવસ્થા નથી ત્યારે આ પ્રથમ કિસ્સાએ અનોખી પ્રેરણા પ્રદાન કરી છે.

# થરા કોલેજમાં યોજાયો મેગા વેક્સિનેશન કેમ્પ..




કાંકરેજ તાલુકાના વહેપારી મથક થરામાં આવેલ કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત એસ.એ.સુરાણી વિદ્યાસંકુલ અંતર્ગત શ્રીમતી કાંતાબેન કીર્તિલાલ શાહ આર્ટસ અને શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજરીયા કૉમેર્સ કોલેજ થરામાં તા.૧૫/૦૭/૨૦૨૧ ના રોજ કોરોના (Covid-19) સંદર્ભે મેગા વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાત સરકાર બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ તેમજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરત યુનિવર્સિટી પાટણના સહયોગ થી કૉલેજ ના પ્રિ. ડૉ.ડી.એસ.ચારણ ના માર્ગદર્શન હેઠળ તેમજ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.પિયુષભાઈ ચૌધરી (T.H.O) કાંકરેજ ડૉ.મીત ભાખરીયા (M.O) ટોટાણા તાલુકા સુપરવાઇઝર અમૃતભાઈ એસ. પ્રજાપતિ, દશરથભાઈ ચૌહાણ, નિરૂબેન વાઘેલા, પાર્થિવ દરજી, રવિનાબેન ચૌધરી તેમજ સમગ્ર કાંકરેજ તાલુકા આરોગ્ય વિભાગની ટીમ તેમજ આશાબહેનો થરા અને કોલેજના NCC ના ઓફિસર આર.ટી.રાજપૂત, NSS વિભાગના શ્રી ગૌરવભાઈ શ્રીમાળી તથા ફિઝિકલ ડાયરેક્ટર (P.T.I.) શ્રી વાઘુભાઈ દેસાઇ તથા NCC/NSS ના સર્વે વિદ્યાર્થી ભાઈ બહેનો તથા સમગ્ર કોલેજ પરિવારના સહયોથી વેક્સિનેશન કેમ્પ પૂર્ણ થયો.તેમાં ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. સમગ્ર વેક્સિનેશન કેમ્પનું સંચાલન વાઘુભાઈ દેસાઇ એ કરેલ હતું.

(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

### યુવા આદિવાસી નેતા રાજેન્દ્ર પારઘીએ

# ખોટા આદિવાસી પ્રમાણપત્રોની ચકાસણી ઝડપથી પૂર્ણ કરવામાં આવેની માંગ સાથે મુખ્યમંત્રીને પત્ર લખ્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ગુજરાતમાં ખોટા આદિવાસી પ્રમાણપત્રો મેળવી લોકો આદિવાસી સમાજનો હક્ક છીનવી લીધો હોવાના આક્ષેપ સાથે સમગ્ર રાજ્યમાં ખોટી રીતે આદિવાસીના પ્રમાણપત્ર મેળવનાર લોકોના પ્રમાણપત્ર રદ કરવાની ઉગ્ર માંગ સાથે આદિવાસી સમાજે આંદોલન કરતા રાજ્ય સરકાર હરકતમાં આવી ખોટા પ્રમાણપત્રોની ખરાઈ કરવા નિવૃત્ત જજના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય સમિતી બનાવી પ્રમાણપત્રોની ચકાસણી શરૂ કરવામાં આવી છે ત્યારે ગુજરાત આદિવાસી યુવા એકતા પરિસદના પ્રમુખ અને પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ ખોટા આદિવાસી પ્રમાણપત્રોની ચકાસણીમાં વિલંબ થઇ રહ્યો હોવાના આક્ષેપ સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવેની માંગ કરી હતી

આદીવાસી યુવા અગ્રણી રાજેન્દ્ર પારધીએ મુખ્યમંત્રીને પત્ર લખી રજુઆત કરી છે પત્રમાં સરકારે વિધાનસભામાં આદિજાતિના ખોટા પ્રમાણપત્રો બાબતે બિલ લાવી કાયદો બનાવ્યો તે આદિજાતિના ખોટા પ્રમાણપત્રો બિન આદિવાસી સમાજના લોકોએ લીધા છે જે ખોટા પ્રમાણપત્રો રદ કરવા માટે એક સિનિયર નિવૃત જજના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના પણ કરવામાં આવી છે સમિતી ખોટા પ્રમાણપત્રની ચકાસણી પણ કરી રહી છે પરંતુ તપાસમાં ખુબ જ વિલંબ થઈ રહયો છે જેથી આદિવાસી સમાજના વિવિધ સંગઠનોનું માનવુ છુ કે આ તપાસ ઝડપચી થાય અને જેને ખોટા પ્રમાણપત્રો મેળવ્યા છે એવા ઈમ્ઝ સમાજના લોકોના પ્રમાણપત્રો તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવે તેવી માંગ કરી હતી અને તપાસ અંગેનો અહેવાલ તાત્કાલિક ધોરણે ભારત સરકારમાં મોકલવામાં આવે તેવી આદીવાસી સમાજની માંગણી અને લાગણી હોવાનું જણાવ્યું હતું

## DySP ભરત બસીયાનું વધુ એક ઓપરેશન....!!

# રાણાસૈયદ નજીક કતલખાને લઈ જવાતા ૧૦૦ થી વધુ ગૌવંશ અને પશુઓને બચાવાયા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ગૌમાતા રક્ષકનો મુખવટો પહેરી ગૌરક્ષાના બણગાં ફૂંકતી ભાજપ સરકારમાં કસાઈઓ બિન્દાસ્ત બન્યા હોવાની બૂમો જીવદયા પ્રેમીઓ પાડી રહ્યા છે મોડાસા નજીક રાણાસૈયદ વિસ્તાર માંથી ડીવાયએસપી ભરત બસીયાની આગેવાની હેઠળ જીલ્લા પોલીસતંત્ર ૧૦ થી વધુ વાહનોમાં ત્રાટકી ૧૦૦ થી વધુ ગૌવંશ અને પશુઓને કતલખાને ધકેલતા બચાવી લીધા હતા

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાંદ ટેકરી અને રાણાસૈયદ વિસ્તારમાં ગેરકાયદેસર કતલખાના ધમધમી રહ્યા હોવાની વારંવાર બૂમો ઉઠી રહી છે મોડાસાના કતલખાનાઓમાં ગૌવંશની કતલ થતી હોવાની બૂમો વારંવાર ઉઠી રહી છે ત્યારે મોડાસાને અડીને આવેલા રાણાસૈયદ વિસ્તારમાં ઝાડી-ઝાંખરા માં ગેરકાયદેસર મોટી સંખ્યામાં ગૌવંશ અને પશુઓ ને કતલખાને ધકેલવાની પેરવી કરી રહ્યાની બાતમી મળતા ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ જીલ્લા એલસીબી,મોડાસા ટાઉન પોલીસ તેમજ એસ.ઓ.જી સહીત પોલીસ જવાનોના મોટા કાફલા સાથે કોમ્બિંગ હાથધરાતા કસાઈઓ પોલીસ જોઈ ફરાર થયી ગયા હતા.પોલીસ ને ઝાડી-ઝાંખરા માંથી મરણતોલ હાલતમાં બાંધેલા ૧૦૦ થી વધુ ગૌવંશ અને પશુઓને બચાવી લઈ પશુઓ માટે ઘાસચારા અને પાણી ની વ્યવસ્થા કરી ઇડર પાંજરાપોળ ખાતે મોકલી આપી અજાણ્યા ઈસમો સામે ગુન્હો નોંધવા મોડાસા ટાઉન પોલીસે કાર્યવાહી હાથધરી હોવાની જાણકારી પ્રાપ્ત થઈ હતી

બુધવારે સાંજના ૪ વાગ્યાના સુમારે ડીવાયએસપી ભરત બસીયાને બાતમીદરો મારફતે બાતમી મળી હતી કે મોડાસા નગરપાલિકા ના રાણાસૈયદ વિસ્તાર ના ઝાડી-ઝાંખરા માં મોટી સંખ્યામાં ગાય,બળદ,ભેંસ,પાડા,પડીઓ,જેવા પશુઓ સંતાડી ગોંધી રાખી ગેરકાયદેસર રીતે કતલખાને ધકેલવાની ફિરાકમાં હોવાની બાતમી મળતા મોડાસા ટાઉન પોલીસ, એલસીબી પોલીસ તાબડતોડ મોટા પોલીસ કાફલા સાથે બાતમી વાળા સ્થળે પહોંચી ખુલ્લી જગ્યા તેમજ ઝાડી-ઝાંખળા વિસ્તારમાં ઓપેરશન હાથધરાતા પોલીસ નો મોટો કાફલો જોઈ અજાણ્યા શખ્શો પશુઓ ઘટનાસ્થળે રાખી ફરાર થયી ગયા હતા પોલીસે પશુઓ કતલખાને પહોંચે તે પહેલા બચાવી લઈ ઇડર પાંજરાપોળ ખાતે મોકલી આપવા તજવીજ હાથધરી હતી હાલ તો પોલીસે લાખ્ખો રૂપિયાનો નો મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યાશખ્શો વિરુદ્ધ ઘી પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ મુજબ અજાણ્યા શખ્શો વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથધરી હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી

અત્રે ઉલ્લેખનીય છે કે મોડાસા નજીક આવેલા બે રહેણાંક વિસ્તારો માં કેટલાક શખ્શો દ્વારા ખુલ્લેઆમ ગેરકાયદેસર રીતે કતલખાના ધમધમી રહ્યા હોવા છતાં જિલ્લા પોલીસ તંત્ર દ્વારા કોઈજ કાર્યવાહી કરવામાં આવતી નથી અને વર્ષેદહાડે એકાદ બે વખત આરીતે બાતમીના આધારેજ કાર્યવાહી કરવામાં આવતી હોવાનું લોકો જણાવી રહ્યા છે.અમુક જૂજ લુખ્ખાતત્વો દ્વારા ગેરકાયદેસર કતલખાના ચલાવતા આ બંને વિસ્તાર ના તમામ લોકો આવા અસામાજિક તત્વો સામે પોલીસ શખ્ત કાર્યવાહી કરે તેવી પ્રબળ માંગ ઉઠી છે

# અરવલ્લી જીલ્લામાં "રક્ષાબંધન" વિષય પર ૧૭ સપ્ટેમ્બરના રોજ ચિત્રસ્પર્ધા યોજાશે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ચિત્ર સ્પર્ધામાં ૦૮ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજીત જિલ્લા રમતગમત કચેરી,અરવલ્લી સંચાલિત "રક્ષાબંધન" વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાનાર છે.

હાલ કોવિડ-૧૯ મહામારીને ધ્યાને લેતા સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાને લેતા ઉક્ત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ છ૪ સાઈઝના (૮.૩"ટ ૧૧.૭") ડ્રોઇંગ પેપર પર પોતાની કૃતિ પોતાના ઘરે તૈયાર કરી તેને માઉન્ટીગ કરાવ્યા બાદ જિલ્લા રમતગમત કચેરી ખાતે તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે. આપની કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, શાળાનું નામ વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમજ આ કૃતિની સાથે સ્પર્ધકે ઉંમરના પુરાવા તરીકે (આધારકાર્ડ/જન્મ તારીખનો દાખલો) ની ઝેરોક્ષ અને બેક્ર ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અચૂક જોડવાની રહેશે. આ સ્પર્ધામાં ૦૮ થી ૧૩(૩૧ ડિસેમ્બર ૨૦૦૮ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધીના વચગાળાના બાળકો) વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાંથી ત્રણ ચિત્રની જિલ્લાકક્ષાએ પસંદગી થયા બાદ રાજયકક્ષાએ ચિત્રો મોકલવામાં આવશે. રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધા તા.૨૪ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી,રવિશંકર ર ા વ લ કલાભવન,એલિસબ્રિજ,અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધાનો સમય ૧૧ થી ૫ કલાક સુધીનો રહેશે. જેમા સમગ્ર રાજ્યમાંથી આવેલા ચિત્રો પૈકી બેસ્ટ ૩૦ ચિત્રોના સ્પર્ધકોને રાજ્યકક્ષાની સ્પર્ધામાં સ્થળ પર ચિત્ર બનાવવાના રહેશે. જે પૈકી ૧૦ વિજેતા પસંદગી કરવામાં આવશે. રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ?.૨૫,૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ?.૧૫,૦૦૦/- અને તૃતીય વિજેતાને રૂ?.૧૦,૦૦૦/ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ?.૫,૦૦૦/- (પ્રત્યેક) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઇંગ કીટ) આપવામાં આવશે.

જિલ્લાકક્ષા સ્પર્ધા માં કોઈ વ્યક્તિની મદદ વિના ચિત્ર દોરી તા.૧૩ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા. અરવલ્લી ખાતે જિલ્લા રમતગમત અધિકારીને પહોંચતી કરવાની રહેશે. સ્પર્ધા અંગેના તમામ નિયમો કચેરીના બ્લોગ એડ્રેસ પરથી અને કચેરી પરથી મેળવી શકાશે. તેમ જિલ્લા રમત ગમત અધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# મેઢાળા ગામના ૧૩ વર્ષે પુત્ર અને માતાની ધોળા દિવસે હત્યા



થરાદના મેઢાળા ગામની સીમમાં ઈશરાભાઇ વરજાંગભાઇ પટેલ નામના ખેડુત પોતાના પરિવાર સાથે રહે છે. તેમની પત્ની અને કિશોરપુત્રની હત્યા કરવામાં આવતાં ચકચાર મચવા પામી હતી. આ બનાવની મહિલાના પિયર પક્ષે થરાદ પોલીસને જાણ કરાતાં પી.આઇ.જે.બી. ચૌધરી પોલીસસ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગઇ હતી. જો કે હત્યા કોણે કરી અને શા માટે કરી તેની તપાસ હાથ ધરી હતી. બીજી બાજુ ગ્રામજનોના જણાવ્યા પ્રમાણે આ પરિવારને કોઇની સાથે અણબનાવ કે અન્ય કોઈપણ પ્રકારની માથાકુટ પણ સાંભળવામાં આવી ન હતી. તેમ છતાં પણ ગામથી અડધો કિમી દુર આવેલા ખેતરમાં રહેતા પરિવારમાં માતાપુત્રની હત્યા થતાં ચક્ચાર પ્રસરવા પામી હતી.જ્યાં સુધી આરોપી ન પકડાય ત્યાં સુધી મૂર્તક ની લાસ ન સ્વિકારવા ની વાત કરતા પિયરપકસ થરાદ પોલીસ એ એસ પી સાથે પોલીસ કાફલો ડોગ્સ સ્કોડ એફેસેલ પિનગર પ્રિન્ટ ની મદત આરોપી ઓ ને પકડ વાના ચક્રો ગતિ માન કર્યો એવું મીડિયા સમસ્ક પી આઈ કેવું મૂર્તક ની બન્ને લાશ ને પી એમ અર્થે થરાદ રેફરલ લાવવમાં આવી .

૧૩ વર્ષીય પુત્ર અને માતા ની હત્યા થતા ગામલોકો માં ઉગ્ર રોષ હત્યા કોને કરી અને હત્યારા કોણ હતા એ બાબતે પોલીસ ની સઘન તપાસ છે ચાલુ હત્યારા ન પકડાય તો લાસ ન સ્વીકારવાની વાત કરતા પરિવાર થરાદ તાલુકાના મેઢાળા ગામમાં બુધવારની મોડી સાંજે ખેતરમાં રહેતા એક પરિવારની માતા અને તેના પુત્રની હત્યા કરવામાં આવતાં ચક્ચાર મચવા પામી હતી. બનાવને પગલે થરાદ પી.આઇ. સહીત મામલતદાર સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. આ બનાવને લઇને પંથકમાં ચકચાર પ્રસરવા પામી હતી

# અરવલ્લી જીલ્લાના લોકોના પ્રશ્નોના નિકાલનો કાર્યક્રમ ૨૯ જુલાઈના રોજ કલેક્ટર કચેરી ખાતે યોજાશે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં નાગરિકોના પ્રશ્નોનુ સમયસર નિરાકરણ આવે તેમજ રાજ્ય સરકારની યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે તેથી વહીવટમાં કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતા અને જવાબદારીપણાંની બાબતને રાજ્ય સરકાર દ્વારા હાર્દ સમાન ગણવામાં આવેલ છે, અને આ બાબતને કેન્દ્રસ્થાને રાખીને પ્રજાના પ્રશ્નો અને રજૂઆતોનો જિલ્લા કક્ષાએ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે બેઠક કરી તેઓ પાસેથી તેનો સમયમર્યાદામાં નિકાલ કરાવવાં લોકોના પ્રશ્નોના નિકાલ માટેનો કાર્યક્રમ યોજવાનું નિર્ધારીત કરવામાં આવેલ છે. આગામી દિવસોમાં અરવલ્લી જિલ્લામાં આ કાર્યક્રમનુ આયોજન થનાર છે.

જે અંતર્ગત લોકોના પ્રશ્નોના નિકાલનો કાર્યક્રમ તા.૨૯ જુલાઈ ૨૦૨૧ ના રોજ બપોરે ૧૫:૦૦ કલાકે જિલ્લાની કલેક્ટર કચેરી ખાતે યોજાશે. અરવલ્લી જિલ્લાના માન.પ્રભારીમંત્રીશ્રી સદર કાર્યક્રમનું અધ્યક્ષપદ શોભાવશે. તમામ તાલુકા મામલતદારશ્રીઓ આ કાર્યક્રમના નોડલ અધિકારી રહેશે. નાગરિકો તેમના પ્રશ્નો/રજૂઆતો તા.૧૭ જુલાઈ ૨૦૨૧ સુધીમાં કચેરી સમય દરમિયાન સંબંધિત મામલતદારશ્રીને મોકલી શકશે. ઉપર જણાવેલ સમયમર્યાદામાં પ્રાપ્ત થયેલ પ્રશ્નોને મામલતદારશ્રી સંબંધિત વિભાગ/કચેરીને મોકલી આપશે. સંબંધિત વિભાગ/કચેરીઓએ રજૂ થયેલ પ્રશ્નોનો નિયમોનુસાર ઉકેલ લાવી તેમજ અરજદારશ્રીને તેમની કક્ષાએથી યોગ્ય પ્રત્યુત્તર પાઠવી થયેલ કાર્યવાહીની વિગતો સંબંધિત મામલતદારશ્રીને મોડામાં મોડા તા.૨૩ જુલાઈ ૨૦૨૧ સુધીમાં મોકલી આપવાના રહેશે. સંબંધિત મામલતદારશ્રીએ પ્રશ્નો/રજૂઆત સંદર્ભે થયેલ કાર્યવાહીની વિગતો સંકલિત કરી કાર્યક્રમના દિવસે માન.પ્રભારી મંત્રીશ્રી સમક્ષ સબંધિત અધિકારીશ્રીઓને સાથે રાખી ચર્ચામાં ઉપસ્થિત રહેવાનું રહેશે.

જેમાં પ્રાંત અધિકારીશ્રીઓએ પોતાના પ્રાંતના રજૂ થયેલ તમામ પ્રશ્નો અને તેના અનુસંધાને થયેલ કાર્યવાહી અને અરજદારશ્રીને અપાતા પ્રત્યુત્તરનું સઘન નિરિક્ષણ કરવાનું રહેશે તથા લોકોના પ્રશ્નોના નિકાલના કાર્યક્રમ પહેલાં પોતાના પ્રાંતના પ્રશ્નો અને થયેલ કાર્યવાહીની વિગતો સંકલિત કરી માન. કલેકટરશ્રીને રૂબરૂમાં ફાઇલ રજૂ કરવાની રહેશે. તેમજ પોતાના પ્રાંતમાં આ કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. એમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### જીલ્લા અધિક નિવાસી કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઈ

# અરવલ્લી જીલ્લાના શિરસ્તેદાર,મહેસૂલ તથા પુરવઠાનાં ઈ-ધરાની માસિક કામોની સમીક્ષા કરાઈ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાના કલેકટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડની અધ્યક્ષતામા શિરસ્તેદાર, નાયબ મામલતદાર મહેસૂલ, નાયબ મામલતદાર પુરવઠાનાં મામલતદાર ઈ-ધરાની માસિક કામોની સમીક્ષા બેઠક યોજાઈ.

જે અંતર્ગત જીલ્લા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડે કામોની સમીક્ષા કરતા જણાવ્યું કે, જીલ્લાના તમામ તાલુકાઓમાં કચેરીઓમાં ચાલતા તમામ કામોની ડેટા એન્ટ્રી કરવી, દરેક કામોની અમલવારી ઝડપથી થવી જોઈએ, વર્ષની શરૂઆતમાં જેટલા બાકી રહેલા કામોની કાચી નોંધો નિકાલ કરવો, અરવલ્લી જીલ્લાનાં તમામ તાલુકાઓમાં બાકી રહેલ કામોનો ઝડપથી નિકાલ કરવો, મહેસૂલ તથા પુરવઠા વિભાગના બાકી રહેલ કામો પૂર્ણ કરવા અનુરોધ કરાયો.

તેમણે વધુમાં જણાવ્યું કે, કોરોનામાં મૃત્યુ પામેલાની અરજીઓની પણ ઝડપથી નિકાલ કરવો, ઈ-ધરાની આકસ્મિક કરવાની, દ્ગહ્લજીછ કાર્ડ કામગીરી ઝડપથી પૂર્ણ કરવી સાથે સાથે સમાજ સુરક્ષામાં ચાલતી વિવિધ યોજનાઓ જેવી કે વય વંદના, નિરાધાર વૃદ્ધ સહાય, સંકટ મોચન, ગંગા સ્વરૂપા સહાય યોજનાઓની સમીક્ષા કરી તથા દરેક અધિકારીશ્રીઓ/કર્મચારીઓને સૂચન કરતા પોત પોતાના તાલુકામાં અવાર નવાર કામોની બેઠક યોજવાની રહેશે.

સાથે તેમણે ઈ-ધરા કેન્દ્રો ખાતે નિકાલ કરેલ કામોની ચકાસણી કરી, તકરારી હક્કપત્રક નોંધો નિકાલ કેસોની ચકાસણી કરી, બિન ખેતી પરવાનગી અંગેના અરજીના નિકાલની ચકાસણી કરી જરૂરી સુચનો કર્યા.



આ બેઠકમાં અરવલ્લી જીલ્લાના ડેપ્યુટી કલેકટરશ્રી, નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડ્યુટી, નાયબ મામલતદારશ્રી મોડાસા, નાયબ મામલતદારશ્રી ભીલોડા, નાયબ મામલતદારશ્રી બાયડ, નાયબ મામલતદારશ્રી ધનસુરા, નાયબ મામલતદારશ્રી માલપુર, નાયબ મામલતદારશ્રી મેઘરજ, પુરવઠા અધિકારીશ્રીઓ, મહેસૂલ અધિકારીશ્રીઓ, તથા પ્રાંત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.